## અરવલ્લીમાં રંગપુર પાસેથી પસાર થતા

# હાઈવે પર ઓવરબ્રિજ બનાવવા હાઈવે પર ચક્કજામ

## શાળાને તાળાબંધી અને દૂધ ઢોળ્યું

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નં-૮નું રીનોવેશન થઈ રહ્યું છે. આ હાઈવે પહેલા ફોરલેન હતો તેને અપડેટ કરીને સીક્સ લેન બનવા જઈ રહ્યો છે. ત્યારે આ માર્ગ ઉપર રાત દિવસ કામ ચાલી રહ્યા છે. ત્યારે ભિલોડા તાલુકાના રંગપુર સીમમાંથી પસાર થતા આ હાઈવે ક્રોસ કરીને ગામના ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને પસાર થવું પડે છે જે ખુબ જ જોખમી છે. ત્યારે આ માર્ગ ઉપર રંગપુર ગામની સીમમાં ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવવામાં આવે તેવી માંગ સાથે ગ્રામજનોએ અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું અને નેશનલ હાઈવે ઓથોરિટી તંત્રમાં પણ વારંવાર રજુઆત કરવા છતાં આંખ આડે કાન કરાતા ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરી બાળકો સાથે હાઈવે નં.૮ પર ચક્કાજામ કરી પશુપાલકોએ દૂધ ઢોળી વિરોધ નોંધાવ્યો હતો જ્યાં





વાહનોને કારણે જીવનું જોખમ ખેડીને માર્ગ ઓળંગવો પડી રહ્યો છે. હાઈવે ઓળંગતી વખતે ક્યારે કોઈ માસુમનો અકસ્માત થઈ જાય તે અંગે વાલીઓને ભારે ચિંતા રહે છે અને બાળક હેમખેમ ઘરે પરત આવે ત્યારે માતાપિતાને શાંતિ થાય છે. નેશનલ હાઈવે ઓથોરીટી કે સરકાર દ્વારા ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવવામાં આવે તેવી માંગ અને હાઈવે ઓથોરિટીની ઢીલી કામગીરી તેમજ તેમને જગાડવા માટે ગ્રામજનોએ રસ્તા પર દૂધ ઢોળીને વિરોધ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોની ઉગ્ર માંગ છે કે જ્યાં સુધી અહીં અંડરપાસ બનાવવામાં નહીં આવે ત્યાં સુધી તેમનો વિરોધ યથાવત રહેશે. એટલું જ નહીં શાળાનું શિક્ષણ કાર્ય પણ હાલ બંધ કરી દેવાયું છે. જ્યાં સુધી ગ્રામજનોની માંગ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી તેમનું આંદોલન ચાલું રહેશે તેવું પણ





સુધી ઓવરબ્રિજ કે અન્ડરબ્રીજની માંગ નહિ સ્વીકારાય ત્યાં સુધી બાળકોને શાળાએ નહિ મોકલવાની ચીમકી ઉચ્ચારી હતી.

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નં-૮ સીક્સ લેન બની રહ્યો છે જેનું કામ હાલમાં જોરશોરથી ચાલી રહ્યું છે. ત્યારે ભિલોડા તાલુકાના રંગપુર ગામની સીમમાંથી પસાર થતા હાઈવે પરથી રંગપુરના વિદ્યાર્થીઓને જોખમી રસ્તો ઓળંગીને સ્કૂલે જવું પડે છે. સ્કૂલે જતા નાના ભૂલકાઓ માટે આ માર્ગ ખૂબ જોખમી હોવાને કારણે રંગપુરના ગ્રામજનો દ્વારા અગાઉ જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

રંગપુરના ગ્રામજનોના જણાવ્યા અનુસાર ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને દિવસભર માતેલા સાંઢની જેમ દોડતા મોટા મોટા ગ્રામજનોએ જણાવ્યું હતું. આ પહેલા પણ ગ્રામજનો દ્વારા આંદોલનો કરવામાં આવ્યા હતા, જો કે તંત્ર તેમજ હાઈવે ઓથોરિટી દ્વારા કોઈ જ નક્કર પગલા ન લેવાતા ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરીને ઉગ્ર દેખાવ કર્યો હતો.

## દાંતા તાલુકા ઠાકોર સેના અને OSS દ્વારા LRD વિરૂદ્ધ આવેદનપત્ર આપવામાં આવ્યું

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આજ રોજ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને OSS દ્વારા આવેદનપત્ર આપી અને તારીખ ૧.૮.૨૦૧૮.ના LRD થરાવને રદ કરવાની માંગ કરી હતી અને



ગાંધીનગર માં ઉપવાસ પર બેઠેલી OSS ની દીકરીઓના સમર્થનમા ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના અને OSS એકતા મંચ દ્વારા દાંતા મામલદાર પ્રાંત અધિકારીશ્રીને ઉપવાસ પર બેઠેલી દીકરીઓને ન્યાય આપવામાં આવે તેવી માંગ કરી હતી તેમાં દાંતા તાલુકા ઠાકોર સેના અને OSSના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર આપી હતી.

## ચાર હજાર લાંચ લેતાં રંગેહાથ ઝડપાયા હતા

સાબરકાંઠા જીલ્લાના પોશીના તાલુકાના કોટડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એસીબીએ સફળ ટ્રેપ કરી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફીસર હસમુખ ચૌહાણે પોતાના તાબા હેઠળના કોન્ટ્રાક્ટ કર્મચારી પાસે નોકરી દરમ્યાન રીપોર્ટ નહિ કરવા ૪,૦૦૦ લાંચ માંગી હતી. જોકે ફરીયાદી એવા કર્મચારી લાંચ આપવા ઈચ્છુક ન હોઈ એસીબીને જાણ કરી હતી. જેમાં લાંચ રૂશ્વત વિરોધી ખાતાના અધિકારીઓએ મેડિકલ ઓફિસરને ઝડપી લેતાં આરોગ્ય આલમમાં ખળભળાટ મચી ગયો છે

## ખેડબ્રહ્મા શહેરમાં બીએસએનએલ ઓફિસ બંધ થવાની આરે

### ખેડબ્રહ્મા BSNLનું ક્લેશન કાઉન્ટર બંધ હાલતમાં, અને કર્મચારીઓ વી.આર.એસ. લઇ રહ્યા છે અને લોકો પરેશાન થઈ રહ્યા છે

ખેડબ્રહ્મા તાલુકામાં BSNLની ઓફિસ સુરતીકંપા રોડ ઉપર આવેલ છે. જ્યાં છેલ્લા પંદર દીવસથી કલેક્શન સેંટરનો માણસ આવતો ના હોય લોકો ને બિલ ભરવા માટે ધક્કા ખાવા પડી રહ્યા છે.

ખેડબ્રહ્મામાં BSNL શહેરનાં ૫૫૦ અને ગામડાઓના ૧૫૦ જેટલા ગ્રાહકો મળી કુલ ૭૦૦ જેટલા ગ્રાહકો BSNLની લેન્ડ લાઇન સેવાનો લભ લઈ રહ્યા છે. અને તે તમામ ની બિલ સુરતીકંપા રોડ ઉપર આવેલ ઓફિસમાં લેવામાં આવતા હતા. પરંતુ છેલા ૧૫ દિવસથી બિલ ભરવાનું કાઉન્ટર બંધ હાલતમાં હોય લોકો ધક્કા ખાઈ પરત આવતા હતા. છેલ્લી તારીખોમાં બિલ ના ભરાય એટ્લે ફોન બંધ થઈ જાય... પાડના વાકે પખાલીને ડામ ..જેવી સ્થિતી હાલમાં ખેડબ્રહ્મામાં જોવા મળી રહી છે. ખેડબ્રહ્મા શહેર ના લોકો ઓનલાઈન પેમેન્ટ કરી દે પંરતુ ગામડાના મોટા ભાગના લોકો આજે પણ લેન્ડ લાઈન પર આધાર રાખતા હોય ઓન્ લાઈન બિલ ભરવા પણ ક્યાં જવું તેવી પરિસ્થિતી સર્જાઈ છે.

આ ઉપરાંત ખેડબ્રહ્મા BSNL ઓફિસમાં કામ કરતાં ૭ જેટલા કર્મચારીઓ ૩૧ જાન્યુયારીએ વિ.આર.એસ. લઈ લીધું હોઈ પરિસ્થિતી વધુ કફોડી બનવાની છે. ખેડબ્રહમમાં વારંવાર ખોદકામ ચાલુ રહેતું હોય અનેક વાર ટેલિફોન બંધ થઈ જતાં હૉય છે. પરંતુ હવે લાઈનમેન જ ના હોવાન કારણે લોકો ને ભારે મુશ્કેલી પાડવાની છે.

ખેડબ્રહ્મા ઓફિસમાં હાલમાં જેટીઓ, જેઈ, અને એક મહીલા પ્યૂન કર્મચારી જ છે. બાકીના તમામ વી.આર.એસ. લઈ લીધું છે. ખેડબ્રહ્મા BSNL ના જેટીઓ ના જણાવ્યા અનુસાર બિલ કાઉન્ટર પર બેસતો કર્મચારી છેલ્લા પંદર દિવસથી આવતો નથી અને અમારી પાસે હાલમાં કોઈ સ્ટાફ ન હોય અમો કલેક્સ્ન લઈ શકીએ તેમ નથી. આ કર્મચારીનો રિપોર્ટ ઉપલી કચેરીએ કરી દેવામાં આવ્યો છે જેનો પગાર પન કપાઈ રહ્યો છે. અને સરકારના નિરણ્ય મુજબ સમગ્ર જોનમાં બે જ સેન્ટર ચાલુ રખવાન હોય અહી કોઈ સેન્ટર ચાલુ થશે એવું લાગતું નથી અને હવે નવા કર્મચારી માટે ટેન્ડર પદ્ધતિ અપનાવવામાં આવનારી છે અને હાલમાં આ વિસ્તાર માટે કોઈ ટેન્ડર થયેલ ન હોય કોઈ નવા કામચરી હાલમાં આવે થવું નથી.

સરકાર ધ્વારા કમચારીઓને વી.આર.એસ. તો લેવડાવી દીધું પણ ટેંડરીગ ન કરી નવા કર્મચારીઓ ન મુકવમાં આવતા લોકો પરશન થઈ રહ્યા છે.

## ખેડબ્રહ્મા શહેરમાં વિશ્વકર્મા બચત અને ધિરાણ મંડળીના હોદ્દેદારોની વરણી

ખેડબ્રહ્માની વિશ્વકર્મા બચત અને ધિરાણ સહકારી મંડળી ની વ્યવસ્થાપક કમિટીની મિટિંગ નટવરભાઈ એન




સુથારના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં પ્રમુખ તરીકે અશ્વિનભાઈ એમ સુથાર, ઉપપ્રમુખ તરીકે કુમોડચંદ્ર પી સુથાર અને. માનદમંત્રી તરીકે જગદિશ કુમાર બી સુથાર ની વરણી કરવામાં આવી હતી. નવા વરાયેલા હોદ્દેદારોની વ્યવસ્થાપક કમિટી ના સભ્યો શંકરલાલ સુથાર, મહેન્દ્રભાઈ સુથાર, વસંતભાઈ સુથાર તથા યુવા ગૃપના પ્રમુખ પ્રકાશભાઈ સુથાર અને મંત્રી જયંતીભાઈ સુથારે બિરદાવ્યા હતા.

પોશીના તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર લાંચ લેતા રંગેહાથે ઝડપાયા છે. પોતાના તાબા હેઠળના કોન્ટ્રાક્ટ કર્મચારી સામે વહીવટી કાર્યવાહીનું સેટિંગ પાડવા લાંચ માંગી હોવાનું સામે આવ્યુ છે. કર્મચારી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીને જાણ કરતા છટકું ગોઠવવામાં આવ્યુ હતુ. આ દરમ્યાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જ મેડિકલ ઓફિસર લાંચની રકમ સ્વિકારતા ઝડપાઈ જતાં ચકચાર મચી ગઈ છે.

## મહેસાણા નગરપાલિકાના બોર્ડમાં આજે વાતાવરણ તંગ બન્યું

# એક બાદ એક આક્ષેપ સાથે તું... તું... મે...મે...ના દ્રશ્ય સર્જાયા

મહેસાણા નગરપાલિકા નું આજે સામાન્ય બોર્ડ પાલિકા ના બોર્ડ રમ માં માંડ્યું હતું જેમાં જુના પ્રોસિડિંગ સહીત પર મોહર મારવા મામલે સત્તા પક્ષ કોંગ્રેસ અને વિપક્ષ ભાજપ આમને સામને આવી ગયું હતું જેમાં સફાઈ સહીત એક કર્મચારી ની નોકરી અને ટ્રાફિક સિગ્નલ ને લઈ ને આમને સામને તું તું મેને ના દ્રશ્ય સર્જાય હતા અને બોર્ડ રૂમ નું વાતવરણ તંગ થવા ગયું હતું જોકે આજે સંપૂર્ણ એજન્ડા પર તંતુર્સ્ટ ચર્ચા બાદ મન્જુર રાખવા માં આવ્યું હતું

મહેસાણા નગર પાલિકા નું આજે ત્રણ માસ બાદ નું સામાન્ય બોર્ડ આજે પાલિકા ના બોર્ડ રમ માં માંડ્યું હતું જેમાં મહેસાણા પાલિકા ના કોંગ્રેસ દ્વારા ગત બોર્ડ ના પચરોસીડીંગ સહીત નવા કામો પર આજે તું તું મે મેં ના દ્રશ્ય બોર્ડ રૂમ માં જોવા મળ્યા હતા જેમાં કોંગ્રેસ ના પૂર્વ પાલિકા પ્રમુખ જયદીપ સિંહ ડાભી અને પૂર્વ શહેર ભાજપ પ્રમુખ અને કૂર્પોરેટર આમને સામને આવી ગયા હતા જેમાં ચીફ ઓફિસર દ્વારા એક ટાઉન પ્લાનર ઈજનેર ને ડિસમિસ કરવા મામલે મામલો વણસ્યો હતો જેમાં ૪૪ સભ્યો માંથી ભાજપ અને અમુક કોંગ્રેસ ના સભ્યો ની આવી માંગ હતી કે કોઈ ને નોકરી માંથી આ રીતે બરતરફ ન કરી શાક્ય તેમને રેમ રહે નોકરી માં લેવા માં આવે જે મુદે આમને સામને આવેલા બને કોર્પોરેટરો એ પાલિકા નું બોર્ડ રમ જાને માથે લીધું હોય તેવી સ્થિતિ નું નિર્માણ થવા ગયું હતું જ્યારે સફાઈ મામલે મામલો બિચક્યો હતો જે મામલે પાલિકા ખાસ બોર્ડ પાલિકા ના સભ્યો દ્વારા આગામી ૫ તારીખ ના રોજ ચર્ચા સાથ કરવા નું સૂચન કરવા માં આવ્યું હતું જ્યારે હાલ માં મહેસાણા માં ટ્રાફિક ની સમસ્યા ને લઈ ને પાલિકા દ્વારા ૪૯ લાખ રૂપિયા ના સિગ્નલ

હાલ માં રીપેરીંગ ના મામલે બોર્ડ બને પક્ષે ગરમ થવા ગયું હતું જેમાં ૨૬ લા[illegible] રૂપિયા ના નવીન સોફ્ટવેર સહીત મેન્ટેન્સ ના ખર્ચ સહીત ના મામલે મામલો વણસ્યો હતો જ્યારે ત્રિપલ એ ના બાકી ટેક્સ ના નાણાં મામલે પણ બોર્ડ માં તંદુર્સત ચર્ચા થવા જતા આજે



બોર્ડ ના ૭૮ થી અધિક નાના મોટા કામો માં મન્જુરી ની મોહર મારવા માં આવી હતી મહેસાણા નગરપાલિકા ના આજે સાધારણ બોર્ડ માં મહેસાણા ના કુપોશીત બાળકો ના મામલે આજે મહેસાણા નગરપાલિકા ની આજે સાધારણ સભા માં ઈતિહાસિક નિર્ણય લેવા માં આવ્યો હતો જેમાં ભાજપ કોંગ્રેસ ના ૪૨ સભ્યો એ બાળકો ને દત્તક લેવા સહીત સહીત પાલક પિતા અને ખાસ ફંડ ફાળો લેવા માં આવ્યો હતો જેમાં દરેક કોર્પોરેટર એ મહેસાણા નગરપાલિકા ના કુપોષિત બાળકો ને કુપોષણ માંથી મુક્ત કરવા માટે હાકલ સાથે ફંડ એકત્રિત કરી ને મહેસાણા ને કુપોષિત મુક્ત શહેર બનાવની નેમ સામુહિક લીધી હતી જેમાં મહેસાણા નગર પાલિકા ના તમામ કોરોરેટરો એ સાધારણ સભા માં આ નિર્ણય પર મોહર મારી હતી જેમાં ખાસ કરી ને દરેક વોર્ડ ના કુપોષણ વાળા બાળકો નું લિસ્ટ કઢાવી ને કોરોપરેટર આ મુદે ખાસ નિર્ણય લે તે માટે મુદો ખાસ ઉઠાયો હતો અને કુપોષણ માટે નગરસેવકો પાસે ફંડ પણ એકત્રિત કરી ને ફંડ એકઠકું કરવા ની ત્યારી બતાવી હતી નગરસેવકો એ રૂપિયા ૧૧૦૦ થી લઈ ને ૧૧૦૦૦ સુધી નો ફાળો આપવા ની જાહેર બોર્ડ માં જ કરી હતી જેમાં કોંગ્રેસ અને ભાજપ તમામ ૪૨ નગરસેવકો એ ફંડ માં ફાળો જાહેર કર્યો હતો અને વોર્ડ માં પોતાની રીતે કામ કરવા ની ત્યારી બતાવી હતી જેમાં પકક્ષા પક્ષી ને પર રહી ને એતિહાસિક નિર્ણય માં મહેસાણા ને કુપોષણ થી મુક્ત રાખવા માટે મન્જુરી આપી હતી ઘનશામ સોલંકી પાલિકા પ્રમુખ કોંગ્રેસ, કૌશિક વ્યાસ વિરોધપક્ષ ભાજપ એ જણવ્યું હતું.